**==> ખાસ અગત્યનું**

- પી.ઈ.સી. માટે પેમેન્ટ ઓનલાઈન જ (Online) કરવાનું છે, પેમેન્ટ માટે કે અન્ય કોઈ ટેકનીક પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેના માટે ફોન નં -0281 - 2576511 (એક્ષ્ટેન્શન નં *767) પર શ્રી ભાવેશભાઈ ઓડેદરાનો સંપર્ક કરવાનો રહેશે.
- **જો Payment સ્ટેટસ Success ન આવ્યું હોઈ અને પૈસા કપાય ગયા હોઈ તો CCAvenue નો E-mail તમારા E-Mail માં આવ્યો હશે તે bmodedra@sauuni.ac.in માં મોકલવો તેથી payment status Update કરી આપવા માં આવશે.**
- ઓનલાઈન ફોર્મ ભરાય ગયા બાદ કોઈ વિદ્યાર્થીએ યુનિવર્સીટીએ આવવાનું રહેતું નથી, વિદ્યાર્થીને PEC તેના E-Mail માં તથા અત્રેના પી.ઈ.સી. ની વેબપોર્ટલ https://forms.saurashtrauniversity.edu/loginuser લોગીનમાં PEC ની ડીજીટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે.
- જે PEC ની ડીજીટલ નકલ આવેલ હોય તેની પ્રિન્ટ મેળવી જે કોલેજમાં પ્રવેશ મેળવવાનો હોય ત્યાં તે રજૂ કરી પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.
- કોલેજ આચાર્યશ્રીઓને વીનંતી કે વિદ્યાથી દ્વારા જે પી.ઈ.સી. ની ડીજીટલ નકલ રજૂ કરવામાં આવે તેને માન્ય રાખી પ્રવેશ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ફોર્મ ભરતા પહેલાનીચે આપેલ નિયમો/સુચનાઓ અચૂક વાંચી લેવી ત્યારબાદ જ I Agree કરી ફોર્મ ભરવું.

## Provisional Eligibility Certificate (P.E.C.)
## (કામચલાઉ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર)
## વર્ષ ૨૦૨૦–૨૦૨૧
## Only for Regular Student (માત્ર રેગ્યુલર વિદ્યાર્થી માટે જ)
## Rules and Regulations for Online form Application

→ **પી.ઈ.સી. ફોર્મમાં વિદ્યાર્થીએ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ આઈ.ડી. સ્પષ્ટ દર્શાવવા, પી.ઈ.સી. અંગેની તમામ કાર્યવાહી મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ પર કરવામાં આવશે, અન્ય કોઈનો મોબાઈલ નંબર કે ઈ–મેઈલ આઈ.ડી. જો ફોર્મમાં દર્શાવેલ હશે તો ફોર્મ સબમીટ થયા બાદ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહિ.**

→ **જે વિદ્યાર્થીઓના પી.ઈ.સી. ફોર્મમાં Payment Success થયેલ હશે તેને જ પી.ઈ.સી. ઈસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.**

→ **પી.ઈ.સી. માટેનું ફોર્મ સબમીટ થયા બાદ વિદ્યાર્થીના મોબાઈલ નંબર પર આઈ.ડી. અને પાસવર્ડ જનરેટ થયાનો એસ.એમ.એસ. આવશે, પી.ઈ.સી. અંગેની આગળની તમામ કાર્યવાહી માટે તે આઈ.ડી. અને પાસવર્ડ ઉપયોગી હોય તે સાચવી રાખવા.**

→ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧ થી વિદ્યાર્થીને ઈ–મેઈલમાં તથા અત્રેના પી.ઈ.સી. વેબપોર્ટલના લોગિનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે, જે નકલ વિદ્યાર્થી ધ્વારા જે તે કોલેજમાં પ્રવેશ માટે રજૂ કરવાનું રહેશે તેમજ કોલેજ ધ્વારા તે પી.ઈ.સી. ની ડીજીટલ પ્રિન્ટને માન્ય રાખી પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો કોલેજને વિદ્યાર્થી ધ્વારા રજૂ કરવામાં આવેલ પી.ઈ.સી.ની ડીજીટલ નકલમાં શંકા જણાય તો સત્વરે પરીક્ષા સેલ વિભાગનો સંપર્ક કર્યા બાદ જ અને ખરાઈ કર્યા બાદ જ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવી.**

- **પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવવાની તારીખ અને ફી અંગેની વિગત :–**

| પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) | રૂા.૧૫૦/– સાથે | રૂા.૧,૫૦૦/– સાથે | રૂા.૫,૦૦૦/– સાથે |
|---|---|---|---|
| (સેમેસ્ટર–૧,૩ અને ૫ માટે) (જયાં વાર્ષિક પધ્ધતિ લાગુ હોય ત્યાં તે મુજબ) | તા.૨૧ / ૦૭ / ૨૦૨૦ થી તા.૦૧ / ૦૯ / ૨૦૨૦ સુધી (૪૩ દિવસ) | તા.૦૨ / ૦૯ / ૨૦૨૦ થી તા.૦૮ / ૦૯ / ૨૦૨૦ સુધી (૦૭ દિવસ) | તા.૦૯ / ૦૯ / ૨૦૨૦ થી તા.૦૮ / ૧૦ / ૨૦૨૦ સુધી (૩૦ દિવસ) |

- **પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ માટેની સૂચનાઓ :–**

૧) પી.ઈ.સી. માટેના આવેદન પત્ર http://forms.saurashtrauniversity.edu પરથી ભરી શકાશે, તેમજ તે અંગેનું પેમેન્ટ પણ ઓનલાઈન જ કરવાનું રહેશે, વિદ્યાર્થીના પી.ઈ.સી. ફોર્મની ચકાસણી પરીક્ષા સેલ વિભાગ ધ્વારા કરવામાં આવશે અને નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૨) જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી / ગુજરાત બોર્ડમાંથી છેલ્લે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી, તેમ છતાં શરતચૂકથી જો પી.ઈ.સી. માટેનું ફોર્મ ઓનલાઈન પેમેન્ટ સાથે ભરેલ હશે તો તે માટેની ફી રીફંડ થઈ શકશે નહિ.

૩) ધો.૧૦ પાસ કર્યા પછીના ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના ડિપ્લોમા કોર્ષ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને B.A. / B.Com. / BCA / BBA / B.Sc. / B.Sc.(I.T.) / B.Sc. H.Sc. / BRS / BSW ના **ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવવું ફરજીયાત છે.**

૪) ધો.૧૦ પાસ કર્યા પછી બે કે તેથી વધુ વર્ષનો આઈ.ટી.આઈ., એન.સી.વી.ટી., જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને B.A. / B.Com. / BCA / BBA / B.Sc. / B.Sc. (I.T.) / B.Sc. H.Sc. / BRS / BSW નાં **પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે પી.ઈ.સી. લેવાનું રહેશે નહિ જેની ખાસ નોંધ લેશો અને જો શરતચૂકથી પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરેલ હશે તો તે માટેની ફી રીફંડ થઈ શકશે નહિ.**

૫) જે તે ફેકલ્ટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર–૩ અને સેમેસ્ટર–૫ માં અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવો હોય તો પહેલા સાદા કાગળમાં અરજી સાથે અગાઉના તમામ પરિણામની નકલ સામેલ કરી પરીક્ષા સેલ વિભાગમાં રજૂ કરવાની રહેશે, ત્યારબાદ યુનિવર્સિટી ધ્વારા તેઓની અરજી જે તે ફેકલ્ટી ડીનશ્રીને અભ્યાસક્રમનાં વિષયો સાથે કન્વર્ટેબલ / કમ્પેરેબલ છે કે કેમ ? તે અંગેના રીમાર્કસ માટે મોકલવામાં આવશે.

ડીનશ્રી ધ્વારા પી.ઈ.સી. ઈસ્યુ માટેના રીમાર્કસ મળ્યા બાદ માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ તે અંગે વિદ્યાર્થીને જાણ કર્યા પછી જ વિદ્યાર્થીએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે, યુનિવર્સિટી ધ્વારા જાણ કર્યા પહેલા જો વિદ્યાર્થી ધ્વારા પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરેલ હશે અને તે વિદ્યાર્થીને પી.ઈ.સી. મળવાપાત્ર નહિ હોય તો તેવા સંજોગોમાં ભરેલ ફી રીફંડ મળવાપાત્ર થશે નહિ, જેની ખાસ નોંધ લેશો.

૬) વિદ્યાર્થીએ છેલ્લો અભ્યાસ ફોરેન યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ Association of Indian Universities (A.I.U.) માંથી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી તે રજૂ કરવાનું રહેશે.
(www.aiu.ac.in → Equivalence → Equivalence of Degree)

૨/–

૭) ૭.૧ વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વિભાગીય અધિકારીશ્રી ધ્વારા એપ્રુવડ કર્યા બાદ વિદ્યાર્થીના ઈ–મેઈલમાં તેમજ પી.ઈ.સી. વેબપોર્ટલના લોગિનમાં પી.ઈ.સી.ની ડીજીટલ નકલ ઈસ્યુ થશે અને માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તેમજ અન્ય સૂચના અંગેનો પત્ર પણ સાથે ઉપલબ્ધ થશે.

૭.૨ **<u>જો વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી.ની ડીજીટલ નકલ, માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તે અંગેની સૂચનાનો પત્ર તેમજ માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીમાં વેરીફીકેશન કરવા અંગેનો પત્ર તેના ઈ–મેઈલ તેમજ પી.ઈ.સી. વેબપોર્ટલના લોગિનમાં ઉપલબ્ધ થશે.</u>**

**જે વિદ્યાર્થીઓની માર્કશીટ વિદ્યાર્થીના લોગિન, આઈ.ડી. થી વેરીફીકેશન થઈ શકે તેમ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. ફોર્મના ડોકયુમેન્ટ અપલોડ કરે ત્યારે કોરા કાગળ પર લોગિન અને આઈ.ડી. ની વિગત લખી તે પણ અપલોડ કરવાનું રહેશે. દા.ત. સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીએ Roll No., School No., Centre No., Admit Card ID ની વિગત દર્શાવવાની રહેશે તો જ તેવા વિદ્યાર્થીઓની માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન આ યુનિવર્સિટી ધ્વારા થઈ શકશે તેવી રીતે અન્ય કોઈ બોર્ડ / યુનિવર્સિટીમાં જો વિદ્યાર્થીના લોગિન અને આઈ.ડી. થી માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન થઈ શકતી હોય તો તેની વિગત અપલોડ કરવાની રહેશે.**

૭.૩ વિદ્યાર્થી ધ્વારા જે કોર્ષ માટે પી.ઈ.સી. મેળવેલ હોય તે કોર્ષ ને બદલે અન્ય કોર્ષમાં જો પ્રવેશ મેળવવાનો હોય તો તે માટે અગાઉ મેળવેલ ઓરીજીનલ પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાંથી રદ કરાવવાનું રહેશે અને તે ફી રીફંડ મળવાપાત્ર નથી તેમજ ત્યારબાદ અન્ય કોર્ષ માટે પી.ઈ.સી. ફોર્મ ભરવાનું રહેશે. તેમજ ફોર્મમાં દર્શાવેલ કોલેજ સિવાયની અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તો તે અંગેની પણ લેખિતમાં જાણ પી.ઈ.સી. ની નકલ સામેલ રાખી પરીક્ષા સેલ વિભાગમાં કરવાની રહેશે.

૭.૪ વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવ્યા બાદ કોઈપણ કારણોસર પ્રવેશ મેળવેલ ન હોય તો તેવા સંજોગોમાં મેળવેલ ઓરીજીનલ પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનું રહેશે તેમજ તે માટે ભરેલ ફી રીફંડ મળી શકશે નહિ.

૭.૫ **માઈગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવા અંગેની સૂચના :–**

– જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેઓએ અગાઉના બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવું ફરજીયાત છે જેના માટેની ફી ની વિગત નીચે મુજબ છે.

– પ્રથમ સત્ર શરૂ થયાથી સત્ર પુરૂ થયા સુધીમાં ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવામાં આવ્યે કોઈ ફી લેવામાં આવશે નહિ.

– પ્રથમ સત્ર પુરૂ થયા તારીખથી ૪૫ દિવસ સુધીમાં ઓરીજીનલ માઈગ્રેશન જમા કરાવવામાં આવશે તો તે માટે લેઈટ ફી રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) જમા કરાવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યુ કરવામાં આવશે.

– લેઈટ ફી ની તારીખ પૂરા થયા બાદ જો ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવામાં આવે તો પેનલ્ટી ફી રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર) જમા કરાવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યુ કરવામાં આવશે.

- **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન થયેલ હોય તેવા પી.ઈ.સી. માટે :–**

– જે વિદ્યાર્થીઓને તેના ઈ–મેઈલમાં તથા અત્રેના પી.ઈ.સી. વેબપોર્ટલના લોગિનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ મળે તેવા વિદ્યાર્થીઓએ તેઓનું ઓરીજીનલ માઈગ્રેશન પહેલા વેબપોર્ટલમાં લોગિન કરી અપલોડ કરવાનું રહેશે ત્યારબાદ તે ઓરીજીનલ માઈગ્રેશન ઉપર ૭.૫ માં દર્શાવ્યા તારીખ સુધીમાં જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) ઈસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

- **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન થયેલ ન હોય તેવા પી.ઈ.સી. માટે :–**

– જે વિદ્યાર્થીઓને તેના ઈ–મેઈલમાં તથા અત્રેના પી.ઈ.સી. વેબપોર્ટલના લોગિનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ તથા માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળે તેવા વિદ્યાર્થીઓ પાસે જો અગાઉ અભ્યાસ કરેલ બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન ઉપલબ્ધ હોય તો તે ઉપર ૭.૫ માં દર્શાવ્યા તારીખ સુધીમાં જમા કરાવી આપવું.

– વધુમાં માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળેલ હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ અગાઉ છેલ્લે જે બોર્ડ / યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરેલ હોય તે બોર્ડ / યુનિવર્સિટીમાંથી માર્કશીટ વેરીફીકેશન કરાવી તે ડોકયુમેન્ટ પી.ઈ.સી. વેબપોર્ટલ લોગિનમાં અપલોડ કર્યા બાદ તે પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) ઈસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૭.૬ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ થી જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેવા વિદ્યાર્થીઓએ ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ તેમજ જે વિદ્યાર્થીઓને માર્કશીટ વેરીફીકેશનનો આધાર રજૂ કરવાનો થતો હોય તેવા વિદ્યાર્થીઓ ધ્વારા જયાં સુધી એફ.ઈ.સી. મેળવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં નહિ આવે ત્યાં સુધી તેમનું પરિણામ With Eli. હેઠળ અનામત રાખવામાં આવશે.

૭.૭ યુનિવર્સિટી ધ્વારા વખતો વખત કોઈ ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને તેમજ કોલેજને બંધનકર્તા રહેશે.

**ખાસ નોંધ :–**

– **<u>વર્ષ ૨૦૨૦–૨૦૨૧ થી પી.ઈ.સી. માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ આવવાનું રહેશે નહિ,</u>** વિદ્યાર્થીને પી.ઈ.સી. તેમના આઈ.ડી. / ઈ–મેઈલ પર અપલોડ કરવામાં આવશે જેની પ્રિન્ટ મેળવી વિદ્યાર્થીએ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેતી હોય જયારે વિદ્યાર્થી ધ્વારા પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવામાં આવે ત્યારે મોબાઈલ નંબર અને ઈ–મેઈલ આઈ.ડી. સ્પષ્ટ દર્શાવવાનો રહેશે, કોલેજના સ્ટાફનો કે કોલેજનો ઈ–મેઈલ આઈ.ડી. ફોર્મમાં દાખલ કરવો નહિ, ફોર્મ સબમીટ થયા બાદ કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહિ.

૩/–

– પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે કોઈ ટેકનિકલ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે માટે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના ફોન નં.૦૨૮૧–૨૫૭૬૫૧૧ (એક્ષ્ટેન્શન નં.૭૬૭) પર શ્રી ભાવેશભાઈ ઓડેદરાનો સંપર્ક કરવાનો રહેશે.

– **પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (એફ.ઈ.સી.) મેળવ્યા બાદ કોઈપણ કારણોસર ભવિષ્યમાં રદબાતલ કરવાનું થશે તો વિદ્યાર્થી ધ્વારા આપવામાં આવેલ તમામ પરીક્ષાઓ, ડીગ્રી તેમજ અન્ય તમામ સર્ટીફીકેટ રદ કરવા અંગેનો આખરી નિર્ણય કરવાનો અધિકાર યુનિવર્સિટીને અબાધિત રહેશે જે અરજદારને બંધનકર્તા રહેશે.**

– **ફ્રોડ માર્કશીટ / ફ્રોડ બોર્ડ / ફ્રોડ માઈગ્રેશન સર્ટીફીકેટ / ફ્રોડ માર્કશીટ વેરીફીકેશન અંગેનો જે તે બોર્ડ / યુનિવર્સિટીનો પત્ર કોઈ વિદ્યાર્થીનું માલુમ પડશે તો તેને આપવામાં આવેલ પી.ઈ.સી. તાત્કાલિક રદ કરવામાં આવશે તેમજ તે અંગે ભવિષ્યમાં કોઈ કાનુની કાર્યવાહી થાય તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે અને તેના માટે યુનિવર્સિટી સામે કોઈ દાવો માંડી શકાશે નહિ, જે વિદિત થાય.**

**ઉપરની તમામ સુચના મેં ધ્યાનપૂર્વક વાંચેલ છે, તે અંગેની તમામ જવાબદારી મારી રહેશે તેમજ ભવિષ્યમાં કોઈ કાનુની પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની તમામ પ્રકારની જવાબદારી મારી રહેશે તે અંગેની બાહેધરી આપીને હું નીચે સહી (I Agree) કરી પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરી આપું છું.**

**કુલસચિવ**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,**
**રાજકોટ**